- 'વિચારવલોણું' સપ્ટેમ્બર અંક મળ્યો. આ દેશમાં સ્માર્ટ સીટી ક્યારેય બની શકે? રામાયણમાં તુલસીદાસજી જરા જુદા સંદર્ભમાં કહે છે કેટલીક સાવ અશક્ય વાતો શક્ય બને પણ ... જેમ કે અંધકાર ભલે બપોરના સૂર્યને ગળી જાય, આકાશ ભલે વાદળોમાં સમાઈ જાય, ગાયની ખરી જેટલા જળમાં અગસ્ત્ય ભલે ડૂબી જાય, પૃથ્વી ભલે પોતાની સ્વાભાવિક ક્ષમા છોડી દે, મચ્છરની ફૂંકથી ભલે મેરુ પર્વત ઊડી જાય. પણ હવે હું કહું છું કે આ દેશમાં સ્માર્ટ સીટી ન થઈ શકે, કારણ આપણા લોહીમાં ભ્રષ્ટાચાર સિવાય કાંઈ છે જ નહીં. હા, સ્માર્ટ સરકારો એક પછી એક આવતી જાય છે અને પ્રજાને ઉલ્લુ બનાવતી જાય છે. પણ પ્રજા પણ એનાથી ટેવાઈ ગઈ છે અથવા નપુંસક થઈ ગઈ છે. બોલ્યુંચાલ્યું માફ કરજો. આક્રોશ ઠલવાઈ ગયો. ઠાલવવાનું પાત્ર તમે જ બન્યાં! **(વિક્રમ વસાવડા)**

- 'દેશદ્રોહ કે પ્રજાદ્રોહ'ના કાંકરીચાળા વિશે બહુ જ સારા શબ્દોમાં, સંયમિત રીતે આપના સૂરથી વિરોધી સૂર પ્રગટ કરતું લખાણ મોકલ્યું હતું. કમભાગ્યે, તેને સ્થાન અપાયું નથી. આપણી જ ધૂનમાં રાચતાં રહીને, વિચારનું વલોણું કરવાના મૂળ ભાવને વિસારે પાડીને, આપણી પૂર્વગ્રહપ્રેરિત માન્યતાઓનું દળણું દળતા લેખો અહીં મૂકાયા છે. કહેવાતા વિચારપત્રો પણ વિરોધી સૂરને નાનુંસરખું પણ સ્થાન તો આપે છે જ્યારે વલોણુંમાં તો વિરોધી સૂરની આખેઆખી બાદબાકી આપણી પ્રતિબદ્ધતા જ બતાવે છે, નિષ્પક્ષતા નહીં. ગાંધી, ટાગોર, ટોલ્સ્ટોય, ઓસ્કાર, વાઈલ્ડ, આલ્બેર કામુ, આઈનસ્ટાઈન જેવાં મહાનુભાવોના રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદને સ્પર્શતા મહાવાક્યો ટાંકીને રાષ્ટ્રવાદને ઉતારી પાડવાની મહેનત થઈ છે પણ આ જ મહામાનવો કદાચ એ વાત સાથે સંમત થાય કે 'રાષ્ટ્રદ્રોહ' કરતાં 'રાષ્ટ્રવાદનો અંચળો' વધારે ઈચ્છવાયોગ્ય છે.

  રમેશ ઓઝા 'ઘરેબાહિરે' અને ૫૬ની છાતીવાળા સંદીપને ઓળખી લેવાની સલાહ આપે છે. પણ સાથે સાથે, 'ગોરા'ના હારાનબાબુને પણ ઓળખી લેવાની જરૂર છે. ૫૬ની છાતી તો જાણીતી છે પણ બૌદ્ધિકોમાં બેઠેલા હારાનબાબુઓને ઓળખવાની તસ્દી પણ લેવી પડશે. એક માત્ર તટસ્થ અને સંવાદી સૂર ખલીલ ધનતેજવીનો જોવા મળે છે જે આવકાર્ય અને અભિનંદનીય છે.

  ચોક્કસ વિચારધારા પ્રેરિત (પણ બંધારણને જ સર્વોચ્ચ માનનાર) સરકાર સત્તામાં આવી ત્યારથી જ કહેવાતા બૌદ્ધિકો ઉકળી ઊઠ્યાં છે! કોઈ પણ રીતે નાના મુદ્દાઓને વિકરાળ સ્વરૂપ આપી માધ્યમોમાં ઉત્પાત મચાવે છે અને પ્રજાહિતના કાર્યો કે પગલાંને ઈરાદાપૂર્વક નજરઅંદાજ કરે છે. ભારતની સામાન્ય પ્રજાના સંવાદી અને સમભાવી પોતમાં બે વર્ષમાં કાણાં પડ્યા હોય એવું તો ક્યાંય દેખાતું નથી.

  એક સ્પષ્ટતા અત્યંત આવશ્યક છે કે આ લખનાર કેન્દ્ર સરકાર, તેના નેતા કે સંગઠનોનો 'હઈસો, હઈસો' કરનાર ભોળો પ્રશંસક પણ નથી, તો 'હડે હડે' કરનાર આંધળો આલોચક પણ નથી. બાકી તો, 'રાષ્ટ્રવાદી ઘૂઘરા'થી જગાડવાની શેખી કરનાર પોતે જાગે તોય ઘણું! (હરેશ ખત્રી, અમદાવાદ. ફોન ૯૯૦૪૧૫૭૯૩૯)

- 'મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના' પુસ્તિકા વાંચી. ગમી. નિવેદનમાં જણાવ્યું છે તેમ પુસ્તિકા બહારના જગતને અંતરનું જગત, પોતાનું જગત, માનવનું જગત બનાવવામાં તેમજ હૃદયની બારીઓ ખુલ્લી કરવામાં સહયોગ કરી શકે તેમ છે, જો આપણી માનસિકતાને બદલવા થોડાક પ્રયાસ કરીએ તો. આ 'જો' - 'તો'માં અટવાયેલાઓને ભગવાન પણ 'ભાગ્યશાળી' ન બનાવી શકે. પ્રયાસ પૂરતો નથી એથી વિશેષ કૈંક છે એ કરવું રહ્યું. આવી પુસ્તિકાઓ થકી થોડુંક એ દિશામાં ચોક્કસ આગળ વધી શકાય છે. એ માટે સહુને અભિનંદન. (ભદ્રા સવાઈ, વિક્રમ સવાઈ)

- ''ડૉ. વિક્રમ સારાભાઈ - એક બહુ આયામી વ્યક્તિત્વ'' પુસ્તિકા મળી. ખરે જ એક બહુમુખી પ્રતિભાનો પરિચય થયો. પુસ્તિકા વાંચી ત્યારે જ જાણ્યું કે આવી વ્યક્તિ વિષે કેટલી ઓછી જાણકારી હતી.

  આમ તો દરેક વ્યક્તિ પોતાના યુગનું સંતાન હોય છે પણ કેટલીક એવી વિરલ પ્રતિભાઓ પણ હોય છે, જે યુગ-ઘડતરમાં ફાળો આપતી હોય.

  વિક્રમભાઈની કુટુંબ પરંપરા, ઉછેર, સંસ્કાર-શિક્ષણ દ્વારા ઘડતર અને સમગ્ર કુટુંબનું રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન-વિક્રમભાઈને મળેલ એ સમગ્ર વારસો પ્રેરક રહ્યો. તે સાથે તેમને મળેલ આ વારસાને તેમણે પોતાની પ્રતિભાથી અનેકવિધ ક્ષેત્રે ઉજાળ્યો. તેમની પ્રતિભાના નિખારે આધુનિક ભારતના ઘડતરમાં મૂલ્યવાન ફાળો આપ્યો તેમ નિઃશંક કહી શકાય. સ્વતંત્ર ભારતના જન્મ સમયે વિક્રમભાઈ યુવાન સ્વપ્નદૃષ્ટા હતા. તેમણે ભારતની વૈજ્ઞાનિક પ્રગતિને દિશા અને ગતિ આપ્યાં. મહત્ત્વની વાત એ છે કે તેની પાછળ તેમનું 'દર્શન' ભારતના ગામડાઓમાં રહેલા અસંખ્ય લોકોની સુખાકારી વધારવાનું હતું.

  જેની રચનાત્મક પ્રતિભા ફાટફાટ થતી હોય તે નવી નવી સંસ્થાઓ સ્થાપ્યા વિના કેમ રહી શકે? તેમણે સ્થાપેલી વિવિધ નામાંકિત સંસ્થાઓ, તેમાં સ્થાપિત કરેલી કાર્યપદ્ધતિ અને કાર્યકરોના સાથેનો અકૃત્રિમ માનવીય નાતો, તેમની માનવ તરીકેની એક ઊંચાઈ બતાવે છે.

  ગાંધીવાદી સંસ્કારો સાથેના ઉદ્યોગપતિ, એક વૈજ્ઞાનિક અને કલા રસજ્ઞ, સમગ્ર વિશ્વના મહાનુભાવો સાથેના સંપર્કો તેમજ સામાન્ય માણસ સાથેની તેમની નિસ્બત વગેરે એક જ વ્યક્તિમાં હોય તે કેવું અદ્ભુત છે!

  તેઓ પરંપરા અને પરિવર્તન - બંને પલ્લાં વચ્ચે સમતુલન જાળવનાર પ્રેરણા પુરુષ હતા. આવી પુસ્તિકા દરેક વિદ્યાર્થીના હાથ સુધી પહોંચે તે ઈચ્છવા યોગ્ય છે. સંપાદક-અનુવાદકને અભિનંદન. **(રશ્મિ વ્યાસ, રાજકોટ)**

- ''અસ્તિત્વનાં અર્થની શોધમાં'' પુસ્તિકા વાંચી. આવા સુંદર પુસ્તકનો ભાવાનુવાદ કરવા માટે આભાર. પુસ્તકના લેખક વિક્ટર

ફ્રેન્કલને ધન્યવાદ. આભાર માનવાથી તેમનું ઋણ અદા નહીં થઈ શકે, તેમનું ઋણ માથે ચડાવી વધાવવું જ રહ્યું.

જીવનમાં આવતી સતત પીડા, દુઃખમાં કેમ ટકી શકાય તે આ પુસ્તકથી જાણ્યું. વ્યક્તિની કે તેમનાં સમૂહની હતાશાને પણ હેતુપૂર્ણતા આપવાથી જીવનને ''વિધાયક'' વળાંક આપી શકાય છે, તે વાત તરફ અંગુલિદર્શન કરાવ્યાનો જશ તમને આપુ છું. 'આપણું વિચારવલોણું'ના સંપાદકગણનો પણ આભાર માનીએ તેટલો ઓછો છે. તેમને સૌને ધન્યવાદ.

(અરવિંદ જી. સંઘવી, ૧૧, દત્તાણી એપાર્ટમેન્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૧.મો. ૦૯૮૧૯૨૧૪૦૧૪)

- આપણું વિચારવલોણું વર્ષ-૩, એપ્રિલ-૨૦૧૫, અંક-૪, ડૉ, વિપુલ દેસાઈ કૃત બોડીગાર્ડ તે with notes વાંચ્યું. ઘણાં પુસ્તકોમાં સંચય કરી માહિતીપ્રદ ને પરોક્ષ રીતે યાદશક્તિ શિક્ષણકાર્યમાં મદદરૂપ પુસ્તક. સામાન્ય માણસ સમજી શકે તેવું વૈજ્ઞાનિક - સરળ નિરૂપણ. એકી સાથે મગજ એક જ કામમાં એકાગ્ર રહે તે વાત - કદાચ શ્રીમદ્ રાજચંદ્ર જેવા શતાવધાની માટે અપવાદ હોય જેમ કે યોગી. ESP - extra sensory perception અને મગજ કાર્યશક્તિ પર ભવિષ્યમાં પ્રકાશ પાડે તેવી વિનંતી. મગજનું કામ અને Mind નું function તેવું પણ તેમની પાસે અપેક્ષા રખાય. ડૉ. વિપુલ દેસાઈ માત્ર મંડળ પૂરતા સીમિત ન રહે ને હોસ્ટેલોમાં વિદ્યાર્થી ગ્રુપોને મળી આવી વાતો જો મિત્રભાવે share કરે તો વિદ્યાર્થીઓને-વડીલોને બધાને મદદરૂપ બને. સંપાદકવર્ગને પણ ધન્યવાદ.

**(ડૉ. જીતુભાઈ પટેલ, એ-૧૮, પોલિટેકનીક પરિવાર, બાકરોલ-૩૮૮૩૧૫)**

- સપ્ટે. ૨૦૧૪નો અંક મળ્યો, ને વાંચીને ખૂબ આનંદ થયો. આ અંકના સંપાદક શ્રી તરુણભાઈ શાહને મારા હાર્દિક અભિનંદન, જેની કાબેલિયત દાદ માંગે છે.

આ અંકના બધા જ લેખો નોંધનીય છે જેમાં ખાસ કરીને સ્વ. શ્રી મૂળશંકરભાઈનો લેખ બતાવે છે કે તેઓના સમયમાં તેમનામાં શિક્ષકોની લાયકાતના વિચારો સચોટ હતા. જે આજે પણ એટલા જ છે. તે જ પ્રમાણે શ્રી રવિન્દ્રભાઈના ઉચ્ચશિક્ષણના વિચારો ને સૂચનો, શ્રીમતિ રૂકમણી બેનરજીના શાળા તથા શિક્ષણને લગતા વિચારો, Learning for all તથા સ્વ. વિનોબાના વિચારો મને ખૂબ જ ગમ્યા. ડૉ. બી.બી.મિસ્ત્રીના પ્રાથમિક શિક્ષણને લગતા વિચારોએ મને ઉત્તેજીત કર્યો ને તેનો અમલ થાય તે માટે પ્રયત્નો આદર્યા. શ્રી રણછોડભાઈ શાહ એમિટી શાળા ભરૂચના વિચારો આપણને અવારનવાર જાણવા મળે છે. આ લેખમાં તેમની અપેક્ષાઓ વ્યાજબી છે પણ આપણો શિક્ષક તે હરગીજ નહીં સ્વીકારે તેવું મારું મંતવ્ય છે. પણ સમય સમયનું કામ કરશે જ. સ્વ. મોરારજીભાઈને લગતો લેખ તેને તેમની વિષેની ઘણી માહિતી જે ક્યાંય નહિ મળે તે આપે છે. તેમને આજે કેટલા સમજી શકશે કે એક પ્રશ્ન છે. તેમણે દેશ માટે - સિદ્ધાંત માટે ઘણું ઘણું જતું કર્યું ને દેશ માટે જે સેવા કરી છે તેની જરાપણ પ્રસિદ્ધિ નથી થઈ. શ્રી હેમંતભાઈને ''બદલાવ કેમ દેખાતો નથી'' તે પણ વિચારવા જેવો લેખ છે. આજ પ્રવર્તતી સ્થિતિ જણાવી તેઓ આપણને પ્રશ્નો પૂછે છે. વાચકોએ તેમને પ્રતિભાવ આપવો જોઈએ.

(અનિલ કામદાર, કામદાર દેસાઈ એન્ડ પટેલ, વસઈકર હાઉસ, ૨૯૬, કેડેલી રોડ, દાદર(વે.), મુંબઈ-૪૦૦૦૨૮)

- જુલાઈ' ૧૪ના અંકના કાંકરીચાળા સંદર્ભે : શિક્ષણ ક્યાંક ને ક્યાંક આંકડાની માયાજાળમાં ફસાઈ ચૂક્યું છે. વિદ્યાર્થીઓ પાસ થવા માટે કે પછી સારી નોકરી મેળવવા માટે જરૂરી ગુણ મેળવવાની દોડમાં લાગી ગયા છે. જ્યારે શિક્ષક સમયની મર્યાદામાં રહેલા અભ્યાસક્રમને પૂરો કરવામાં લાગ્યા હોય છે તે વળી શાળા-કોલેજના મેનેજમેન્ટના સભ્યો ખાલી રહેલી બેઠકો ભરવાની પ્રયત્નોમાં હોય છે.

આ પરિસ્થિતિ માત્ર ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં નથી. શાળાકીય શિક્ષણની ગુણવત્તા પણ કંઈક ઉતરતી જોવા મળે છે. એક સ્વયંસેવકોના ગ્રુપ દ્વારા એક શહેરની સરકારી શાળામાં કરાયેલા સર્વે આપણા બાળકોમાં જાણવા મળ્યું હતું કે પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોમાંથી ૧૨ થી ૧૫ ટકા બાળકો અક્ષરક્ષાન ધરાવતા નથી અને આમાં ધોરણ ૭માં ભણતા વિદ્યાર્થીઓને પણ સમાવેશ થાય છે. આ પરિસ્થિતિ ખરેખર શોચનીય છે અને ચિંતાજનક છે. કોઈ પણ શહેર કે દેશના વિકાસ સામે સૌથી મોટો અવરોધ છે. રોજગાર આધારિત શિક્ષણ વિદ્યાર્થીને સાચો કર્મચારી બનાવે છે, પણ સારો વ્યક્તિ બનાવી નથી શકતી. આ સફર એ વ્યક્તિત્ત્વના વિકાસને રુંધે છે જેથી વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનું સંવેદન અત્યંત ઓછું થાય છે. જે સમાજ માટે નકારાત્મક પાસું છે. સારા કર્મચારીથી વેપારી પેઢીનો વિકાસ થાય છે, પણ એક સારા અને સુક્ષિત સમાજનો નહિ. આ પરિસ્થિતિ ગાંધીજીએ વર્ણવેલા સામાજિક દૂષણ "Commerce without Conscience" સાથે સીધો સંબધ ધરાવે છે. શિક્ષણની દિશા સારા વ્યક્તિત્ત્વની સાથોસાથ સારા કર્મચારી બનાવવા તરફની હોવી જોઈએ.

(ધવલ શાહ, ઈજનેરી સ્નાતક - ઉદ્યોગસાહસિક. મો. ૯૯૭૯૭ ૭૫૫૯૩)

- 'ફિલ્મ જોવાની કળા' પુસ્તિકા ખૂબ ગમી. ફિલ્મો જોઈ નાંખવી અને જોવી અને વળી કઈ રીતે? તેની કળા તો સમજવી પડે, જાણવી પડે. ખાસ તો, 'લંચબોક્ષ' જેવી આર્ટ ફિલ્મો ધ્યાનથી જોવી, સમજવી પડે. ૧૯૭૫-૮૦ના ગાળામાં તેવી ઘણી ફિલ્મો આવી હતી. લગભગ બધી જ જોઈ હતી.

જાન્યુ ૨૦૧૪નો 'લેખનકળા'નો અંક મળ્યો. ગમ્યો. આજે જ્યારે ગુજરાતી ભાષા બચાવની ઝુંબેશ ચાલે છે ત્યારે આ વિષય પ્રસ્તુત ગણાય. તમામ લેખો મનનીય અને અનુકરણીય છે. ભાષા અને બોલીમાં ભલભલા લેખકો લેખમાં અને પ્રવચનમાં ભેળસેળ કરે છે. બોલીને ભાષા ગણીને ચાલે છે. લેખક અને કવિ બનવું કુદરતદત્ત બક્ષિસ છે. હા, ખૂબ વાંચન જરૂરી છે. મનન પણ. ગુજરાતી પ્રત્યે પ્રેમ હોય તો, ગાંધીજીની જેમ અંગ્રેજી શબ્દપ્રયોગ ટાળવા જોઈએ. ઠીક છે, પેન, ટેબલ જેવા રૂઢ શબ્દો ભલે વાપરીએ. લેખન કેટલું કપરું છે અને કેવી કાળજી જરૂરી છે તે આ અંક દ્વારા સમજાય છે. બસ, આવું વૈવિધ્યસભર વાચન આપતા રહો. શુભેચ્છા.

(ઈશ્વરભાઈ સી. પટેલ, 'ઈદમ્', ૫૦, દિવાળીબાગ સોસાયટી, રાંદેર રોડ, સુરત)

- આપના તરફથી મળેલ 'વિચારવલોણું પરિવાર' પ્રકાશિત સાહિત્ય માટે આ શબ્દો દ્વારા આભાર અભિવ્યક્તિ કરી રહી છું.

  સમાજ પાસેથી મેળવેલું આજે સમય આવ્યે તેને પાછું આપવાનો આપનો પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે. અમારા જેવા જે આજના સમાજની માંગથી દોરવાઈને અંગ્રેજી સભ્યતામાં રંગાઈ ગયેલાને પાછા ગુજરાતી સાહિત્ય તરફ દોરવા માટે આપની ખૂબ આભારી છું. (આ માટે અમે અંગ્રેજી સાહિત્યનો પણ આધાર લઈએ છીએ!-સં.)

  સમયનો અભાવ અને જિંદગીની પળોજળમાં અટવાઈ જવાને કારણે વાંચન અને લેખનના શોખને માર્ગ મળવો મુશ્કેલ છે. પણ છતાં આપના જેવાને કારણે જ ગુજરાત ની ધરોહર જેવી ગુજરાતી ભાષા આજે પણ એનું મહત્ત્વ જાળવી રહી છે. એ જ વાતનું ગૌરવ લઈ ફરી આપનો ખૂબ ખૂબ આભાર. (સરલા પાંડે, સી-૨/૭૩, ગોયેલ ઈન્ટરસીટી, થલતેજ, અમદાવાદ-૫૪)

- 'વિચારવલોણું'ના બધા જ અંક એક વિશિષ્ટ પ્રકારના વિષય અને વાંચન-ચિંતન સામગ્રી સાથેના હોય છે. ગુજરાતનું-ગુજરાતી ભાષાનું પણ આ એક વિશિષ્ટ સામયિક છે, જેમાં દરેક અંકનું સંપાદન સંપાદક મંડળના વિવિધ સભ્ય દ્વારા કરાય છે. દરેક અંકનો સંપાદક જુદો! છતાં, તમામ અંક, સામયિકનું મૂળ તત્ત્વ - માળખું જળવાઈ રહે છે. પુસ્તિકાઓ તો અદ્‌ભુત, અદ્‌ભુત! જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી. સમગ્ર ટીમને ધન્યવાદ. (ચારુબેન એ. પટેલ, સોલા, એસ.જી. હાઈવે, અમદાવાદ)

- 'અલબેલી' પુસ્તક મળ્યું. છે મજાનું. સચિત્ર કરવાથી વધુ સુયોગ્ય થયું. દર્શાબહેનનો આભાર. અલબત્ત સમગ્ર 'વિચારવલોણું પરિવારનો' પણ. આપણા સુરેશભાઈએ ફેબ્રુઆરી-૧૯૭૯માં વિચારવલોણું વતી 'સાગરપંખી', અનુ. મીરા ભટ્ટ (જોનાથન લિવિંગ્સ્ટન સીગલ) આપ્યું હતું, તે અનોખું જ. એની કક્ષાએ અલબત્ત 'અલબેલી' પહોંચી નથી શક્યું એમ કહેવાની છૂટ લઉં છું. ક્ષમસ્વ.

  એક હકીકત - વૈજ્ઞાનિક - શરતચૂક પણ છે. કોશેટોમાંથી નીકળ્યા પછી પાછાં તેમાં પેસવાની સંભાવના જ નથી હોતી, ભાંગીને જ નીકળાય છે. મૂળમાં (અંગ્રેજી) કદાચ આ ખામી હશે? (જ્યોતિભાઈ દેસાઈ, વેડછી)

- હું છેલ્લા એક વર્ષથી 'આપણું વિચારવલોણું' મેગેઝિનનો મેમ્બર છું. આ વર્ષનું પણ લવાજમ મોકલેલ છે. 'આપણું વિચારવલોણું' મેગેઝિન બાબતે બે શબ્દો લખું તો - હલકું-ફૂલકું-હળવું, સરળ વાંચનમાં અને સીધુંસાદું. આપણે જે વિચારીએ તે વાંચીએ તેવું મેગેઝિન છે. મેગેઝિનમાં લેખો રસપ્રદ, માહિતીસભર, ઉમદા-ઉત્સાહપ્રેરક અને હૃદય અને મનને પ્રફુલ્લિત કરતા રહ્યા છે. ખાસ કડવું વિનંતી સાથે લખું તો - કોઈ વ્યક્તિની આત્મકથાઓ કે એવા જ લેખો છાપશો નહીં. તે બોરીંગ અને કંટાળાજનક હોય છે, પુસ્તક જોઈને જ અમો બાજુ મૂકી દઈએ છીએ. જુદા જુદા લેખકો કે નવા ઉગતા લેખકોના, નાના-મોટા લેખો વાંચવાની અદ્‌ભુત મજા આવે છે. આપશ્રીનો લેખ વાંચવાની ખૂબ જ મઝા પડી. મેગેઝિનમાં હળવું-હળવું, નાજુક-નમણું નાનાં વાક્યોમાં લખેલું વાંચવાની ખૂબ જ મઝા પડી. (કમલેશ હરિપ્રસાદ દવે, ૮૯, જ્યોતિકલશ સોસાયટી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫)

- તમારો જાન્યુ.નો અંક હાથમાં લેતાં જ એનું મુખપૃષ્ઠ જોઈને આફરિન થઈ ગયો. કેટલો સરસ ફોટોગ્રાફ! આદિવાસી સ્ત્રીની લાક્ષણિક અદા, એનો પહેરવેશ, એને અનુરૂપ વાતાવરણ, બધું જ સપ્રમાણ. પરફેક્ટ કમ્પોઝિશન. અભિનંદન. હું આમેય વિચારવલોણુંનો પ્રેમી છું. મને આ સામયિક બહુ ગમે છે. હું મારા ઘણા ઓળખીતાઓને આનું લવાજમ ભરવા આગ્રહ કરું છું. તમારી આખી ટીમ બહુ જબરી છે. બહુ સરસ કામ કરો છો. (નટુ પરીખ, અમદાવાદ)

- 'વિચારવલોણું'નો જાન્યુઆરી-૧૩નો અંક ગઈકાલે જ મળ્યો. ઠેઠ સને ૧૯૭૨થી સુરેશ પરીખે શરૂ કરેલ પત્રિકાથી આજ દિવસ સુધી વિચારવલોણું સાથે મારું દિલ જોડાયેલું રહ્યું છે. હમણાંનો આ જાન્યુઆરી અંક ગઈકાલે મળતાં ગઈકાલે જ શબ્દશઃ આખેઆખો વાંચી ગયો હોઉં એવું તો આ પ્રથમવાર જ. આ અંકમાંની સામગ્રીને અત્યાર સુધીના અંકોમાં હું મારા રસરૂચિ મુજબ સર્વશ્રેષ્ઠ ગણું છું અને એમાં પણ તમારું નામ મૂક્યા વગર તમે સંકલિત કરેલ સામગ્રી પાછળની તમારી પરખ અને દૃષ્ટિ સંપન્નતા અનુભવી શકું છું. નેતૃત્વ વિશે કોઈને એમ.ફિલ. કરવું હોય તો માત્ર આ અંકના આધારે એક ઉત્તમ લઘુ થીસિસ આપી શકે. ચાર દાયકા અગાઉ મેનેજમેન્ટ વિશેના કેટલાક ઉત્તમ ગ્રંથો વાંચ્યા-અભ્યાસપૂર્વક વાંચ્યા તેના આધારે આમ આટલું તમને લખવાનું મન થયું.
  (માવજી કે. સાવલા, એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦૨૦૧.)

- જાન્યુ.૨૦૧૩નો અંક મળ્યો. નેતૃત્વ ઉપરના બધા જુદા જુદા આયામો, આપના લેખો ઘણા માહિતીસભર અને પ્રેરણાદાયી પણ છે. ભારતને આજે જુદા જુદા ક્ષેત્રોમાં, કૃષિ સહિત, સારું અને પ્રેરક નેતૃત્વ આપી શકે તેવી સક્ષમ અને નિષ્ઠાવાળી વ્યક્તિઓની તાતી જરૂર છે. તેના સંદર્ભમાં અંકમાં આપેલા લેખો નેતૃત્વ ઉપર સારું વિચાર-આચાર ભાથું આપે છે.

  બીજું, 'બસ! હવે બહુ થયું!!' પુસ્તિકા મળી. લાયબેરિયા જેવા આપણાથી ઘણા ઓછા વિકસિત દેશમાં સંગઠિત નારીઓનું આવું વ્યાપક, અસરકારક અને સફળ આંદોલન થઈ શકે તે પ્રથમ તો મન માનવા તૈયાર ન થાય. આપણે બધાયે વિચારવું-વાગોળવું પડશે કે વિશાળ ભારતમાં નારીઓ અને નરો પણ આ રીતે તૈયાર થાય તો શું ના થઈ શકે? રસીલાબેન કડીયાએ આંદોલનની વિગતો અસરકારક રીતે આપણી સમક્ષ મૂકી છે. તેમને ખૂબ અભિનંદન અને ધન્યવાદ. વિચારવલોણુંના સંપાદકગણને પણ પુસ્તિકા બદલ અભિનંદન. (શશીકાંત શાહ, ૪૭, રચના સોસાયટી, જોધપુર ચાર રસ્તા નજીક, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫)